અરજી રજૂ તા. :-૧૪/૦૭/૨૦૨૧
અરજીદાખલ તા. :-૧૪/૦૭/૨૦૨૧
અરજી નિકાલ તા.:-૦૨/૦૮/૨૦૨૩
અવધિ :-દિવસ માસ વર્ષ

**મહુવાનાં મહે.પ્રિન્સીપાલ સિનીયર સિવીલ જજ સાહેબની કોર્ટ સમક્ષ, મુ.મહુવા.**

એચ.એમ.પી. અરજી નં.૧૦/૨૦૨૧
આંક-

અરજદાર : પ્રવિણભાઈ ધુડાભાઈ ખસીયા,
રહે. કુબેરબાગ પાછળ, નુતન બાગ,
મહુવા, જી.ભાવનગર.

**-:: વિરૂધ્ધ ::-**

સામાવાળા :- નયનાબેન કાળુભાઈ મહીડા,
ઓફીસ : પી.જી.વી.સી.એલ. કંપની, ટાઉન,
પાલીતાણા, જી.ભાવનગર.

**બાબત:- હિન્દુ મેરેજ એકટ-૧૯૫૫ ની કલમ-૧૩ અન્વયે છુટાછેડા મેળવવા માટેની અરજી**

---

અરજદાર તરફે :- વિ. વ.શ્રી એમ.એસ.ગાહા/ વાય.ડી.ગૌસ્વામી,
સામાવાળા તરફે :- વિ.વ.શ્રી એમ.જી.ગૌસ્વામી,

---

**:: ઠરાવ ::**

(૧) ફરીયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, આ કામનાં અરજદારનાં આ કામનાં સામાવાળા સાથે લગ્ન હિન્દુ શાસ્ત્રોકત વિધી અને જ્ઞાતિનાં રીત-રીવાજ પ્રમાણે સને.૧૯૯૬ માં પાલીતાણા મુકામે થયેલ, ત્યારથી સામાવાળા અને અરજદારનાં કાયદેસરનાં પતિ-પત્ની તરીકેનાં સંબંધો સ્થાપિત થયલ છે. સામાવાળા અને અરજદારનાં લગ્ન જીવનથી બે સંતાનો પુત્ર ભરત તથા પુત્રી ક્રિષ્ના અવતરેલ છે. જે બન્ને સંતાનો હાલ સામાવાળા સાથે રહે છે અને સામાવાળા હાલ પાલીતાણા મુકામે નોકરી કરે છે. સામાવાળા અરજદારને તેમનાં ઘરે પાંચ દિવસ રોકાવા જાવ છુ તેમ કહી તમામ ઘરેણા, કપડા અને સ્ત્રીધનનાં

દાગીના લઈ જતાં રહેલ છે અને આજ દિન સુધી સામાવાળા અરજદારનાં ઘરે આવેલ નથી અને લગ્ન જીવન ભોગવેલ નથી. સામાવાળાએ લગ્ન જીવન દરમ્યાન સાસરી પક્ષની કોઈ પણ ફરજો અદા કરેલ નથી. અરજદારે સામાવાળા સાથે લગ્ન જીવન ભોગવવા માટે અને અરજદારનાં ઘરે મહુવા રહેવા માટે અવાર–નવાર તેનાં પિયરે આંટા–ફેરા કરેલ તેમ છતાં સામાવાળા જીદ્દી અને ઝનુની સ્વભાવનાં હોય અરજદાર સાથે લગ્ન જીવન ભોગવવા માટે સામાવાળા કોઈ પણ શરતે તૈયાર ના હોય એવું ફલીત થાય છે. વધુમાં અરજદાર જણાવે છે કે, અરજદારે સામાવાળાને લગ્ન જીવન ભોગવવા માટે જ્ઞાતિનાં આગેવાનો દ્વારા અનેક પ્રયત્નો કરેલ હોવા છતાં સામાવાળા આજ દિન સુધી અરજદારનાં લગ્ન જીવનનાં હકકો ભોગવવા માટે આવેલ નથી અને સામાવાળા અરજદારને માત્ર હેરાન કરવાનાં એકમાત્ર ઈરાદાથી આજ દિન સુધી સામાવાળા તેમનાં પિયરમાં રોકાયેલ છે અને કોઈ પણ પ્રકારનાં વ્યાજબી કારણ વગર આજ દિન સુધી સામાવાળા અરજદારનાં ઘરે રહેવા માટે આવતાં નથી. વધુમાં અરજદાર જણાવે છે કે, અરજદાર સામાવાળાને તેડવા માંગે છે અને તેડવા માટે અનેક પ્રયત્નો કરવા છતાં સામાવાળા અરજદાર સાથે રહેવા તૈયાર નથી. આમ, સામાવાળા અરજદારને વારંવાર હેરાન કરવાથી અરજદારનું જીવન નર્ક સમાન બની ગયેલ છે. આ કામનાં સામાવાળા આશરે ૧૮ વર્ષ પહેલા વિના કારણે પોતાનાં પિયરપક્ષનાં સભ્યોની ચઢામણીમાં આવી જઈને અરજદારનાં ઘરનો ત્યાગ કરેલ હોય અને કોઈ પણ જાતનાં કારણ વગર છેલ્લા ૧૮ વર્ષથી પોતાનાં પિયરમાં રહેતા હોય અને ૧૮ વર્ષથી સામાવાળાને લગ્નનાં હકકો ભોગવવા ન દઈ સામાવાળાને લગ્નનાં હકકો ભોગવવાથી વંચીત રાખેલ છે. સામાવાળા અરજદાર સાથે લગ્ન જીવન આગળ ચલાવવા માંગતા નથી. અગર તો સામાવાળાને અરજદાર સાથે લગ્ન જીવન ચલાવવામાં રસ ન હોય તેમ જણાય આવતું હોય જેથી હાલની અરજી સામાવાળા પાસે છુટાછેડા મેળવવા માટે દાખલ કરેલ છે. સબબ દાદ માંગવામાં આવેલ છે કે, અરજદારનાં સામાવાળા સાથે લગ્ન વિચ્છેદનું હુકમનામુ

કરી આપવા તેમજ આ આરજીને લગતા નામદાર કોર્ટને વ્યાજબી અને ન્યાયીક જણાય તેવી હરકોઈ આનુષાંગીક તમામ દાદ, દાદો અરજદારનાં લાભમાં આપવા તેમજ અરજીનું તમામ ખર્ચ સામાવાળા પાસેથી સ્પેશીયલ કોસ્ટ સહીત વસુલ અપાવવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામના સામાવાળાને નોટિસ બજતા તેઓ વકીલ મારફત હાજર થઈ આંક–૧૨ થી અરજદારની અરજી સામેના વાંધા જવાબ રજુ કરેલ છે અને અરજદારની અરજીની મહંદઅંશે હકિકતોનો ઈન્કાર કરી, જણાવેલ છે કે, અરજદારએ પોતાને અન્ય સ્ત્રી સાથે લગ્ન કરવાનાં ઈરાદાથી અરજી લાવેલ હોય રદ્દ થવાને પાત્ર છે. વધુમાં સામાવાળા જણાવે છે કે, અરજદાર સાથે લગ્ન આશરે ૧૯૯૬ માં પાલીતાણા મુકામે થયેલ અને લગ્ન બાદ પુત્ર ભરતનો જન્મ થયેલ ત્યારબાદ અરજદાર અને તેમનાં પરિવારજનો દ્વારા નોકરી કરવા સામાવાળાને પોતાનાં પિયરવાળા પાસેથી રૂપિયા લાવવાનું દબાણ કરતા ''અને જો તારે એ ન કરવુ હોય તો ઘરની બાર જા ગમે તે કામ કર અને પૈસા લાવીને મને આપ'' પરંતુ સામાવાળા સ્વાભીમાની હોવાથી રોજ–રોજ આવા મેણા ટોણા સાંભળી ન શકતા હોય સામાવાળા પિયરમાં આવતાં રહેલ. ત્યારબાદ ૫ વર્ષ બાદ જ્ઞાતિનાં આગેવાનો અને પરીવારજનો દ્વારા સમજાવટ કરી સામાવાળા આ કામનાં અરજદારનાં ઘરે એટલે કે પોતાની સાસરીમાં રહેવા આવેલ અને ત્યારબાદ એકાદ વર્ષ બાદ ક્રિષ્નાનો જન્મ થયેલ અને ફરીથી અરજદારએ પોતાનો રંગ દેખાડવાનું ચાલુ કરેલ અને કહેતા કે '' હવે તો મારો વારસદાર મારો પુત્ર છે એટલે કાં તો તું કામ કરી પોતાની જાતે કમાઈ અને તારૂ અને તારી દિકરીનું પુરૂ કરજે, મારે તમારા બન્નેનું કોઈ જ કામ નથી અને જો તુ અને તારા સંતાનોને જીવવુ હોય તો મને છુટાછેડા આપી દે'' તેવું કહી ઘરની બહાર કાઢી મુકેલ. '' જો તુ અને તારા સંતાનો ફરીથી અહીયા આવશો તો તમારા બધા પર કેરોસીન છાંટી કે એસીડ છાંટી બાળી મારી નાખીશ અને આત્મ હત્યામાં ખપાવી દઈશુ'' તેવી ધમકી આપેલ. આવી ક્રુર માનસીકતા વાળી અરજદારની

વિચારશૈલી સાથે જીવન ગુજારવું શકય ન હોય જેથી પહેરેલ કપડે બન્ને બાળકોને લઈ સામાવાળા પિયર આવતાં રહયા હતા. આજ દિન સુધી સામાવાળાને કરીયાવરમાં પિયરપક્ષ તરફથી આપવામાં આવેલ ઘરેણા, કપડા અને સ્ત્રીધનનાં દાગીના પણ સાસરીમાં મુકી આવતાં રહેલ છે. સામાવાળાનાં પરીવારજનો અને જ્ઞાતિનાં આગેવાનો ધ્વારા અરજદાર અને અરજદારનાં માતૃશ્રીને ઘણીવાર સમજાવવામાં આવેલ અને સમાધાન કરી ફરીથી પોતાનો ઘર સંસાર ચાલુ કરી જીવન જીવવા માટે મનાવવા આવેલ, પરંતુ અરજદાર એક ના બે ન થયા અને કહેલ હવે મારે કોઈ વારસદાર પણ જોઈતો નથી અને જો હવે મને કોઈ સમજાવવા માટે આવશે તો તેની સાથે મારે મારકુટ જ કરવાની છે. અરજદારે સામાવાળાનો અને પોતાનાં બાળકોનો ત્યાગ પોતાની સ્વ મરજીથી જ કરેલ છે. વધુમાં સામાવાળા જણાવે છે કે, સામાવાળા પી.જીવી.સી.એલ.માં કેશીયર તરીકે નોકરી કરે છે અને છેલ્લા ૧૫ વર્ષથી પોતાનું અને પોતાનાં બાળકોનું ભરણ પોષણ કરે છે. છેલ્લા ઘણા વર્ષોથી અરજદારે તમામનો ત્યાગ કરેલ છે. કોઈ પણ જાતની સાર સંભાળ લીધેલ નથી કે ભરણ પોષણની પણ દરકાર લીધેલ નથી. અરજદાર ધ્વારા એક પત્ની તરીકે જે પ્રેમ, હુફ અને લાગણી મળવી જોઈએ તે સામાવાળાને અરજદાર ધ્વારા મળેલ નથી અને અરજદારે પોતાનાં સંતાનોને પણ એક પિતાનો પ્રેમ આપવામાં અરજદાર નિષ્ફળ રહયા છે. હાલમાં અરજદારને કોઈ કામ કરવુ ન પડે અને સામાવાળાનાં પગારમાં મોજ–શોખ કરવા અને પુત્ર ભરત પણ સ્નાતક થયેલ હોવાથી તેને નોકરી કરાવી અરજદારે પોતાનું ગુજરાન ચલાવવુ છે, તેવા બદ ઈરાદાથી અરજદારે ખોટી હકીકતો ભરેલી અરજી દાખલ કરેલ છે. અરજદારે પોતાને અન્ય સ્ત્રી સાથે લગ્ન કરવાનાં ઈરાદાથી હાલની અરજી આપ નામદાર અદાલતમાં દાખલ કરેલ છે. આ તમામ સંજોગો, હકીકતો લક્ષમાં લઈ અરજદારની અરજી ખર્ચ સહતિ રદ્દ કરવા હુકમ કરવા અરજ ગુજારેલ છે.

(૩) આ કામે અરજદાર દ્વારા નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| **<u>અરજદાર તરફે મૌખિક પુરાવો</u> :–** | | |
|---|---|---|
| (૧) | અરજદાર પ્રવિણભાઈ ડી.ખસીયાનું સરતપાસનું સોગંદનામુ. | આંક–૦૮ |
| **<u>અરજદાર તરફે મૌખિક પુરાવો</u> :–** | | |
| (૧) | અરજદારનાં આધારકાર્ડની નકલ. | આંક–૧૪ |
| (૨) | અરજદારે સામાવાળાને વકીલ મારફત મોકલેલ નોટીસની નકલ | આંક–૧૫ |
| (૩) | સામાવાળાનાં વકીલે મોકલેલ નોટીસનાં જવાબની નકલ. | આંક–૧૬ |

ત્યારબાદ અરજદાર તરફે આ સિવાય વધુ કોઈ પુરાવો રજુ થયેલ નથી. અરજદાર તરફે આંક–૨૦ થી વધુ પુરાવો રજુ કરવા માટે મુદૃત અરજી આપતા, જે અરજી નામંજુર કરી, અરજદારનો વધુ પુરાવો આપવાનો હકક બંધ કરવામાં આવેલ.

(૪) આ કામે સામાવાળા દ્વારા નીચે મુજબનો મૌખિક પુરાવો રજુ કરવામાં આવેલ છે.

| **<u>સામાવાળા તરફે મૌખિક પુરાવો</u> :–** | | |
|---|---|---|
| (૧) | સામાવાળા નયનાબેન કે.મહીડાનું સરતપાસનું સોગંદનામુ. | આંક–૨૨ |

સામાવાળા દ્વારા આ સિવાય અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવા માંગતા નહિ હોવાનું જણાવી આંક–૨૩ થી કલોઝીંગ પુરશીસ રજુ કરી, તેમનો પુરાવો પુરો થયેલાનું જાહેર કરેલ છે.

(૫) અરજદાર તરફે વિ.વ.શ્રી.વાય.ડી.ગૌસ્વામી નાઓએ તેમની અરજી મુજબ તથા પુરાવા મુજબ દલીલો કરેલ છે. જયારે સામાવાળા તરફે વિ.વ.શ્રી એમ.જી.ગૌસ્વામી નાઓએ તેઓનાં જવાબ તથા પુરાવા મુજબ દલીલો કરેલ છે.

(૬) સદર અરજીના કામે આંક–૦૬ થી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

**–:: <u>મુદ્દાઓ</u> ::–**

**<u>મુદ્દા નં. ૧</u>:–** શું અરજદાર પુરવાર કરે છે કે, સામાવાળા એ અરજદારનો ૧ ૮ વર્ષ ઉપરાંતથી કોઈ પણ જાતનાં વ્યાજબી કારણ વિના ત્યાગ કરેલ છે ?

**<u>મુદ્દા નં. ૨</u>:–** શું અરજદાર પુરવાર કરે છે કે, તેઓ માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?

**<u>મુદ્દા નં.૨(એ)</u>:–** શું સામાવાળા પુરવાર કરે છે કે, અરજદારે સામાવાળાને જો તારે અને તારા સંતાનોને જીવવુ હોય તો મને છુટાછેડા આપી દે તેવુ કહી ઘરની બહાર કાઢી મુકેલ અને ફરીથી અહી આવશો તો કેરોસીન કે એસીડ છાંટી બાળી મારી નાખીશ તેવી ધમકી આપેલ ?

**<u>મુદ્દા નં.૨(બી)</u>:–** શું સામાવાળા પુરવાર કરે છે કે, સામાવાળાનાં પરીવાર જનો અને જ્ઞાતિના આગેવાનો એ અરજદારને સમાધાન કરી સામાવાળાને સાથે લઈ જઈ પોતાનો ઘર સંસાર ફરીથી ચાલુ કરી જીવન જીવવા મનાવેલા પરંતુ અરજદાર માનેલા નહી ?

**<u>મુદ્દા નં. ૩</u>:–** શું હુકમ અને હુકમનામુ ?

(૬.૧)ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા તારણો નીચેના કારણોસર નીચે મુજબ છે.

**<u>મુદ્દા નં. ૧</u>:–** 'હકારમાં.'

**<u>મુદ્દા નં. ૨</u> :–** 'હકારમાં.'

**<u>મુદ્દા નં. ૨(એ)</u>:–** 'નકારમાં.'

**<u>મુદ્દા નં. ૨(બી)</u>:–** 'નકારમાં.'

**<u>મુદ્દા નં. ૩</u> :–** 'આખરી હુકમ મુજબ.

**–<u>: કારણો :–</u>**

**<u>મુદ્દા નં.૧ :–</u>**

(૭) અરજદારની અરજી ધ્યાને લેતાં, અરજદારે હિન્દુ મેરેજ એકટ–૧૯૫૫ ની કલમ–૧૩ અન્વયે અરજદાર અને સામાવાળા વચ્ચે થયેલ લગ્નનું લગ્ન વિચ્છેદ કરતું હુકમનામુ કરી આપવા અરજ ગુજારેલ છે. આ કામે બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં, પહેલા કાયદાની જોગવાઈ ધ્યાને લેવી જરૂરી જણાય છે.

**Section 13 Divorce :–**

(1) Any marriage solemnised, whether before or after the commencement of this Act, may, on a petition presented by either the husband or the wife, be dissolved by a decree of divorce on the ground that the other party-

(i) has, after the solemnisation of the marriage, had voluntary sexual intercouse with any person other than his spouse; or

(ia) has, after the solemnisation of the marrage, treated the petitioner with cruelty; or

(ib) has deserted the petitioner for a continuous period of not less than two years immediately preceding the presentation of the petition; or

(ii) has ceased to be a Hindu by conversion to another religion; or

(iii) has been incurably of unsound mind, or has been suffering continuously or intermittently from mental disorder of such a kind and to such an extent that the petitioner cannot reasonably be expected to live with the respondent.

આમ,ઉપરોકત મુજબની કાયદાની જોગવાઈઓ ધ્યાને રાખી પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેવામાં આવે તો, અરજદારે પોતાની અરજીનાં સમર્થનમાં આંક–૦૮ થી સરતપાસનું સોગંદનામુ આપી, પોતાની અરજીની હકિકતોને સંપૂણપણે સમર્થન આપેલ છે. જેથી તેનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી. અરજદારની સામાવાળા તરફે થયેલ ઉલટતપાસમાં અરજદાર, સામાવાળા સાથેનાં લગ્ન જીવનથી બે સંતાનો થયેલ હોવાની, જેમાં એક દિકરો ઉ.વ.૨૦ તથા એક દિકરી ઉ.વ.૧૫ ની હોવાની, અરજદાર તથા સામાવાળા ૨૦ વર્ષથી અલગ રહેતા હોવાની, અરજદારે આજ દિન સુધી સામાવાળા કે બે બાળકોનાં ભરણ પોષણની કોઈ રકમ આપેલ ન હોવાની તેમજ રહેવા

માટે કોઈ સુવિધા કરી આપેલ ન હોવાની હકીકતો ખરી હોવાનો સ્વીકાર કરેલ છે. જ્યારે અરજદારે સામાવાળા તરફે ઉલટતપાસમાં તેઓ સામાવાળાને સારી રીતે રાખતા ના હોય સામાવાળા તેઓની સાથે રહેતા ન હોવાની, તેઓને બીજા લગ્ન કરવા હોય હાલની ખોટી અરજી કરેલ હોવાની હકીકતો ખરી હોવાનો ઈન્કાર કરેલ છે.

આ કામનાં સામાવાળાએ પોતાનાં આંક–૧૨ નાં જવાબનાં સમર્થનમાં આંક–૨૨ થી સરતપાસનું સોગંદનામુ રજુ કરી, આંક–૧૨ નાં જવાબની હકીકતોને સમર્થન આપેલ છે, તેથી તેનું પુનરાવર્તન કરવામાં આવેલ નથી. સામાવાળા તેમની અરજદાર તરફે થયેલ ઉલટતપાસમાં આ કામનાં અરજદાર સાથે તેઓનાં લગ્ન સને.૧૯૯૬ માં સમાજનાં રીત–રીવાજ મુજબ થયેલ હોવાની, સદરહું લગ્ન જીવનથી તેઓને બે બાળકો થયેલ જેમાં દિકરો નામે ભરત કે જે હાલમાં ૨૫ વર્ષનો છે અને દિકરી નામે ક્રિષ્ના જે હાલમાં ૧૮ વર્ષની હોવાની, આ બન્ને બાળકો તેઓની સાથે હોવાની, તેઓ પાલીતાણા મુકામે પી.જી.વી.સી.એલ.માં કેશીયર તરીકે ફરજ બજાવતા હોવાની, તેઓ સને.૨૦૦૬ થી નોકરી કરતા હોવાની, તેઓ તેમનાં પતિથી ૧૮ વર્ષથી અલગ રહેતા હોવાની, ૧૮ વર્ષ દરમ્યાન તેઓ બન્ને પતિ–પત્ની એકપણ દિવસ સાથે રહેલ નહી હોવાની, હકીકતો ખરી હોવાનો સ્વીકાર કરેલ છે . જ્યારે સદરહું સામાવાળા અરજદાર તરફે થયેલ ઉલટતપાસમાં છ માસ પહેલા ભાદ્રોડનાં રામજીભાઈ સામાધાન માટે તેઓનાં ઘરે આવેલ હોવાની, તેઓ તેમનાં ભાઈ સાથે એક જ ઘરમાં રહેતા હોવાની, તેઓ તેમની મરજીથી તેઓનાં પતિથી અલગ રહેતા હોવાની, તેઓનાં પતિએ સમાધાન માટે ઘણા બધા પ્રયત્નો કરેલ હોવાની, તેઓ વિના કારણે તેઓનાં પિયરપક્ષનાં સભ્યોની ચઢામણીમાં આવી જઈને તેઓનાં પતિથી અલગ રહેતા હોવાની, તેઓને તેમનાં પતિ સાથે લગ્ન જીવન નિભાવવુ ન હોય તેઓએ તેમની મરજીથી તેઓનાં પતિનાં ઘરનો ત્યાગ કરેલ હોવાની, અરજદાર તેઓને લેવા સારૂ અવાર–નવાર સમાજનાં

માણસો સાથે લેવા આવેલ અને સમાધાન કરવા પ્રયત્નો કરેલ હોવાની, તેઓ જીદ્દી અને ઝનુની સ્વભાવના હોય અને તેઓને અરજદાર સાથે લગ્ન જીવન ભોગવવું ન હોય તેઓ કોઈ પણ શરતે અરજદાર સાથે જવા તૈયાર ન હોવાની, તેઓને અરજદાર સાથે લગ્ન જીવન નિભાવવુ ન હોય તેઓની મરજીથી અલગ રહેતા હોવાની, દિકરીનો જન્મ થયા બાદ આ કામનાં અરજદારે તેઓને ત્રાસ આપવાનું શરૂ કરેલ અને તેઓને એવું કહેલ કે તુ મને છુટાછેડા આપી દે તેવું કહી ઘરની બહાર કાઢી મુકેલ અને જો ફરીથી અહીયા આવીશ તો બધા ઉપર કેરોસીન છાંટી કે એસીડ છાંટી બાળીને મારી નાખીશ અને આત્મ હત્યામાં ખપાવી દેશુ તેવી ધમકી આપ્યાની હકીકત તેઓ ખોટી જણાવતા હોવાની, તેઓનાં સ્ત્રીધનનાં તમામ દાગીના તેઓની પાસે હોવાની, તેઓને અરજદાર સાથે રહેવું ન હોય ખોટી હકીકતો જણાવી સોગંદ ઉપર ખોટી જુબાની આપતા હોવાની હકીકત ખરી હોવાનો ઈન્કાર કરેલ છે.

(૭.૧) ઉપરોકત મુજબનો બન્ને પક્ષકારો તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, અરજદાર અને સામાવાળા કાયદેસરનાં પતિ–પત્ની છે. તેમજ બન્ને વચ્ચેનાં લગ્ન જીવનથી બે સંતાનો થયેલ હોવાની અને આ બે સંતાનો હાલમાં પુખ્ત વયનાં થયેલ હોવાની અને બન્ને સંતાનો આ કામનાં સામાવાળા સાથે રહેતા હોવાની હકિકત નિર્વિવાદ છે. અરજદારની અરજી ધ્યાને લેતાં, એવું જણાવે છે કે, સામાવાળાએ અરજદારનો વિના કારણે ત્યાગ કરેલ છે. સામાવાળા છેલ્લા ૧૮ વર્ષથી પોતાનાં પિયરમાં રહે છે. અરજદારે સામાવાળાને તેડી લાવવા સારૂ ઘણા પ્રયત્નો કરેલ છે, પરંતુ સામાવાળા તેમનાં પિયરપક્ષનાં સભ્યોની ચઢામણીમાં આવી જઈ અરજદાર સાથે આવીને રહેવા તૈયાર નથી. સામાવાળાનાઓ અરજદાર સાથે લગ્ન જીવન આગળ ચલાવવા માંગતા નથી અને અરજદારને ૧૮ વર્ષથી લગ્ન જીવનનાં હકકોથી વંચિત રાખેલ છે. આ કામે સામાવાળાનો રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, સામાવાળાની અરજદાર તરફે થયેલ ઉલટતપાસમાં સામાવાળા એવું જણાવે છે કે, એ વાત ખરી છે કે, હું સને.૨૦૦૬ થી નોકરી કરૂ છું. એ વાત ખરી છે કે, હું મારા પતિથી ૧૮ વર્ષથી અલગ રહું છું. એ વાત

ખરી છે કે, ૧૮ વર્ષ દરમ્યાન અમે બન્ને પતિ–પત્ની એક પણ દિવસ સાથે રહેલ નથી. સામાવાળાએ આ ૧૮ વર્ષનાં સમય દરમ્યાન અરજદારનાઓ સામાવાળાને આવીને લઈ જાય તે સારૂ સમાજનાં માણસો કે સગા વ્હાલા ધ્વારા કોઈ પ્રયત્ન કરેલ હોય તેવું રેકર્ડ પર આવેલ નથી. વધુમાં અરજદારે સામાવાળા વિરૂધ્ધ કોઈ કાનુની કાર્યવાહી પણ કરેલ નથી. સામાવાળા પોતાનાં બે પુખ્ત વયનાં બાળકો સાથે રહે છે અને સરકારી નોકરી કરી પોતાનું ગુજરાન ચલાવે છે. આમ, સામાવાળાએ અરજદારનો કોઈ પણ જાતનાં વ્યાજબી કારણ વગર ૧૮ વર્ષથી ત્યાગ કરેલ છે તેવું અરજદાર પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ છે તેવું આ કોર્ટનું માનવુ છે. જેથી મુદ્દા નં.૧ નો જવાબ 'હકાર'માં ઠરાવું છું.

<u>મુદ્દા નં.૨ (એ) અને ૨ (બી)</u> :–

(૮) મુદ્દા નં.૨ (એ) એ ૨ (બી) ની હકીકતો પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય પુરાવાનું પુનરાવર્તન ટાળવાનાં હેતુસર બન્ને મુદ્દાની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે. સામાવાળાએ આંક–૧૨ થી અરજદારની અરજી વિરૂધ્ધ જવાબ આપી એવી રજુઆત કરેલ છે કે, અરજદારે સામાવાળાને એવું કહેલ કે જો તારે અને તારા સં તાનોને જીવવુ હોય તો મને છુટાછેડા આપી દે તેવું કહી ઘરની બહાર કાઢી મુકેલ અને ફરીથી આવશો તો કેરોસીન કે એસીડ છાંટી બાળી મારી નાખવાની ધમકી આપેલ. સામાવાળાનાં પરીવારજનો અને જ્ઞાતિનાં આગેવાનો એ અરજદારને સમાધાન કરી સામાવાળાને સાથે લઈ જઈ પોતાનો ઘર સંસાર ફરીથી ચાલુ કરી જીવન જીવવા મનાવેલા, પરંતુ અરજદાર માનેલા નહી. અરજદારને અન્ય સ્ત્રી સાથે લગ્ન કરવાના હોય ખોટી હકીકતો જણાવી, ખોટો કેસ કરેલ છે. સામાવાળાએ પોતાનાં આંક–૧૨ ના જવાબનાં સમર્થનમાં આંક–૨૨ થી સોગંદ ઉપર સરતપાસનું સોગંદનામુ રજુ કરી, જવાબની હકીકતોને સમર્થન કરેલ છે. સામાવાળાની અરજદાર તરફે થયેલ ઉલટતપાસમાં સામાવાળા તેમનાં લગ્ન અરજદાર સાથે સને.૧૯૯૬ માં થયેલ હોવાની, સદરહું લગ્ન જીવનથી બે બાળકો થયેલ હોવાની, જેમા દિકરો ભરત હાલમાં ઉ.વ.૨૫ નો અને દિકરી ક્રિષ્ના

ઉ.વ.૧૮ ની હોવાની, બન્ને બાળકો તેઓની પાસે હોવાની, બન્ને બાળકો અપરણીત હોવાની, તેઓ પાલીતાણા મુકામે પી.જી.વી.સી.એલ.માં કેશીયર તરીકે ફરજ બજાવતા હોવાની, તેઓ સને.૨૦૦૬ થી નોકરી કરતાં હોવાની, તેઓ તેમનાં પતિથી ૧૮ વર્ષથી અલગ રહેતા હોવાની, આ ૧૮ વર્ષ દરમ્યાન તેઓ બન્ને પતિ–પત્ની એક દિવસ પણ સાથે રહેલ ન હોવાની હકીકતો ખરી હોવાનો સ્વીકાર કરેલ છે. સદરહું સાહેદ અરજદાર તરફે થયેલ ઉલટતપાસમાં તેઓ તેમનાં ભાઈ સાથે એક જ ઘરમાં રહેતા હોવાની, તેઓ તેમની મરજીથી તેમનાં પતિથી અલગ રહેતા હોવાની, તેમનાં પતિએ સમાધાન માટે ઘણા પ્રયત્નો કરેલ હોવાની, તેઓ વિના કારણે તેમનાં પતિથી અલગ રહેતા હોવાની, તેઓને તેમનાં પતિ સાથે લગ્ન જીવન નિભાવવું ન હોય તેઓએ તેમની મરજીથી તેમનાં પતિનાં ઘરનો ત્યાગ કરેલ હોવાની, અરજદાર તેઓને લેવા સારૂ અવાર–નવાર સમાજનાં માણસો સાથે લેવા આવેલ અને સમાધાન કરવા પ્રયત્નો કરેલ હોવાની, તેઓ ઝનુની અને જીદ્દી સ્વભાવનાં હોય અને તેઓને અરજદાર સાથે લગ્ન જીવન ભોગવવું ન હોય તેઓ કોઈ પણ શરતે અરજદાર સાથે જવા તૈયાર ન હોવાની, તેઓને અરજદાર સાથે લગ્ન જીવન નિભાવવું ન હોય તેમની મરજીથી અલગ રહેતા હોવાની, સરતપાસનાં સોગંદનામામાં અરજદાર સામે ખોટા આક્ષેપ કરેલ હોવાની હકીકતો ખરી હોવાનો ઈન્કાર કરેલ છે. સામાવાળાએ પોતાનાં જવાબનાં સમર્થનમાં અન્ય કોઈ સોહદોનો પુરાવો રજુ કરેલ નથી. સામાવાળા તેમનાં સોગંદ ઉપરનાં પુરાવામાં એવું જણાવે છે કે, અરજદારે સામાવાળાને કેરોસીન છાંટી કે એસીડ છાંટી બાળી નાખવાની ધમકી આપી, સામાવાળા તથા બાળકોને ઘરમાંથી કાઢી મુકેલ છે. સામાવાળાએ અરજદાર વિરૂધ્ધ કોઈ પોલીસ ફરીયાદ કરેલ હોય તેવો કોઈ પુરાવો આ કામે રજુ કરેલ નથી. આ કામનાં અરજદાર સામાવાળાને ત્રાસ આપતા હતા તેમજ કેરોસીન, એસીડ છાંટી બાળી નાખવાની ધમકી આપતા હતા તે હકીકતને પુરવાર કરવા સારૂ સામાવાળા તરફે કોઈ સાહેદે અત્રેની કોર્ટમાં હાજર થઈ પુરાવો આપેલ નથી. સામાવાળા અરજદારથી છેલ્લા ૧૮ વર્ષથી અલગ રહેલ છે

તેવું સામાવાળા પણ કબુલ, મંજુર રાખે છે. સામાવાળાએ સમાધાન કરવા સારૂ કોઈ માણસોને અરજદારને ત્યાં મોકલ્યા હોય તેવા કોઈ માણસોને સાહેદ તરીકે તપાસી આ હકીકત પુરાવાથી પુરવાર કરેલ નથી. આમ, અરજદારે સામાવાળાને છુટાછેડા આપી દે તેવું કહી ઘરની બહાર કાઢી મુકેલ અને ફરીથી અહી આવશો તો કેરોસીન અથવા એસીડ છાંટી બાળી નાખવાની ધમકી આપેલ હોય તેવું આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, પુરવાર થતું નથી. આમ, સામાવાળા તરફે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, સામાવાળા મુદ્દા નં.ર (એ), ર (બી) પુરાવાથી પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે તેવું આ કોર્ટનું માનવુ છે. જેથી મુદ્દા નં.ર (એ), ર(બી) નો જવાબ 'નકાર'માં ઠરાવું છું.

**<u>મુદ્દા નં.૨</u> :–**

(૯) આમ, સદરહું બન્ને પક્ષકારોનાં લગ્ન જીવનથી બે બાળકોનો જન્મ થયેલ છે, જે બન્ને બાળકો હાલમાં પુખ્ત વયનાં છે. આ બન્ને બાળકો હાલમાં સામાવાળા સાથે રહે છે. આ કામે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, બન્ને પક્ષકારો છેલ્લા ૧૮ વર્ષથી એકબીજાથી અલગ રહે છે, ત્યારથી પતિ–પત્ની તરીકેનાં કોઈ સંબંધો બન્ને વચ્ચે બંધાયેલ નથી. આટલા મોટા સમય ગાળા દરમ્યાનમાં બન્ને પક્ષકારો વચ્ચે સમાધાન માટે કોઈ પ્રયત્નો થયા હોય કે બન્નેમાંથી એક પણ પક્ષકારે બાળકોનાં ભવિષ્યનો વિચાર કરી ભેગા થવાનો પ્રયત્ન કર્યો હોય તેવું પણ રેકર્ડ જોતાં જણાય આવતું નથી. આમ, બન્ને પક્ષકારો વચ્ચે મનમેળ હોય, એકબીજા પ્રત્યે લાગણી, પ્રેમ, ચિંતા હોય તેવું જણાય આવતું નથી. માત્ર સમાજની દ્રષ્ટિએ બન્ને પરણિત છે અને પતિ–પત્ની તરીકે છે તેવું જણાય આવે છે, તે સિવાય પતિ–પત્ની તરીકેનો કોઈ જ નાતો બન્ને જણાએ આજ દિન સુધી નિભાવ્યો હોય કે નિભાવવા પ્રયત્ન કરેલ હોય તેવું પણ જણાતું નથી.. આમ, આ કામે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં, અરજદાર અને સામાવાળા છેલ્લા ૧૮ વર્ષથી એકબીજાથી અલગ રહે છે. આ સમય દરમ્યાન બન્ને પક્ષકારો વચ્ચે કોઈ પતિ–પત્ની તરીકેનાં સંબંધો બંધાયેલ હોય તેવું જણાતું નથી. આ

કામે રેકર્ડ પર આવેલ પુરાવો ધ્યાને લેતાં, અરજદાર અને સામાવાળાને એક સાથે, એક જ ઘરમાં રહી લગ્ન સંબંધ ચલાવવો શકય નહિ હોય તેવું માનવાને કારણ રહે છે. આ તબકકે ચેતનદાસ વિરૂધ્ધ કમલાદેવી ૨૦૦૧ એ.આઈ.આર. નામદાર સુપ્રિમ કોર્ટ, પેજ નં.૧૭૦૯ નો ચુકાદો ધ્યાને લેવો જરૂરી જણાય છે. તેમાં નામદાર સુપ્રિમ કોર્ટે ઠરાવેલ છે કે, લગ્ન સંબંધી તકરારએ ઘણી નાજુક બાબત છે અને લગ્ન સંબંધ એ માનવીય અને લાગણી સભર સંબંધો હોય છે. જેથી આવા સંબંધો જળવાઈ રહે તે માટે પતિ–પત્ની વચ્ચે પરસ્પર વિશ્વાસ, લાગણી, સમજણ, એકબીજા પ્રત્યે પ્રેમ અને માન હોવા જરૂરી છે અને આ સંબંધો ટકાવી રાખવા પક્ષકારો વચ્ચે થોડુ જતુ કરવાની ભાવના હોવી પણ જરૂરી છે. પરંતુ હાથ પરનાં કેસમાં પક્ષકારો વચ્ચે લગ્ન થયે ૨૬ વર્ષ જેટલો સમય થયેલ છે. સદરહું લગ્ન જીવનથી બે સંતાનનો જન્મ થયેલ છે. તેમાં પુત્રની ઉંમર ૨૫ વર્ષની અને પુત્રીની ઉંમર ૧૮ વર્ષથી છે. તેમ છતાં, પક્ષકારો વચ્ચે પ્રેમ, લાગણી, માન–સન્માન હોય તેમ જણાતું નથી. આમ, પક્ષકારો વચ્ચે કોઈ રીતે મનમેળ રહેલ હોય તેમ જણાતું નથી. આમ, સામાવાળા અરજદારનો વિના કારણે ૧૮ વર્ષથી સ્વેચ્છાએ ત્યાગ કરીને જતાં રહેલ હોવાનું જણાય આવે છે. આમ, મુદ્દા નં.૨ પુરાવાથી પુરવાર કરવામાં અરજદાર સફળ રહેલ છે તેવું આ કોર્ટનું માનવું છે. જેથી મુદ્દા નં.૨ નો જવાબ 'હકારમાં' ઠરાવી મુદ્દા નં.૩ અન્વયે નીચે મુજબનો 'આખરી હુકમ' ફરમાવું છું.

**<u>– : હુકમ :–</u>**

અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

અરજદાર પ્રવિણભાઈ ધુડાભાઈ ખસીયા તથા સામાવાળા નયનાબેન કાળુભાઈ મહીડાની વચ્ચે સને.૧૯૯૬ માં થયેલ લગ્ન હિન્દુ મેરેજ એકટની કલમ–૧૩ (૧–બી) મુજબ લગ્ન વિચ્છેદ યાને કે છુટાછેડા થયેલા જાહેર કરવામાં આવે છે.

હુકમ મુજબ હુકમનામુ દોરવું.

સદરહું કામે થયેલ ખર્ચ બન્ને પક્ષકારોએ જાતે ભોગવવો તેવો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨–૦૮–૨૦૨૩
મહુવા

**(રાઠોડ કીર્તિકુમાર જીવણલાલ)**
(જજ કોડ નં.જી.જે.૦૦૮૭૫)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ ,
મહુવા જી.ભાવનગર

એ.એમ.વાળા.